**આશ્રમશાળા, ઉત્તર બુનિયાદી આશ્રમશાળા અને ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં ફરજ બજાવતા કર્મચારીઓની ફિક્સ પગારની નોકરી સેવા વિષયક લાભો માટે સળંગ ગણવા બાબત.**

**ગુજરાત સરકાર**

આદિજાતિ વિકાસ વિભાગ

**ઠરાવ ક્રમાંકઃ TDD/FDD/e-file/25/2022/1001/GH**

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૬/૦૩/૨૦૨૪

**વંચાણે લીધાઃ**

(૧) શિક્ષણ વિભાગનો તા. ૩૦/૦૪/૨૯૭ નો ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૦૯૬/૦૫૦/ક

(૨) શિક્ષણ વિભાગનો તા. ૧૧/૦૬/૯૮ નો ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૦૯૬/૧૦૨૭(૯૮)/ક

(૩) નાણા વિભાગનો તા.૧૬/૦૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક: ખરચ/ખરચ/૨૦૦૨/૫૭/ઝ-૧

(૪) કમિશ્નરશ્રી(આ.વિ)નો તા.૦૭/૧૦/૨૦૨૨ના પત્ર ક્રમાંક: આવિ/આશા/ ફા.નં.૨૭૪૫/ ૨૦૨૨/ ૧૧૨૭

**પ્રસ્તાવનાઃ**

આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની આશ્રમશાળા, ઉત્તર બુનિયાદી આશ્રમશાળા અને ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં આશ્રમશાળાઓમાં તા.૧૬-૦૨-૨૦૦૬ સુધી શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) અને (૨) ના ઠરાવથી નિયત થયેલ વિદ્યાસહાયકની યોજના મુજબ ભરતી કરવામાં આવેલ તથા તા.૧૬-૦૨-૨૦૦૬ બાદ નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૩)થી નિયત થયેલ ફિક્સ પગારની યોજના મુજબ વિદ્યાસહાયકોની ફિક્સ પગારથી ભરતી કરવામાં આવે છે. આ યોજના હેઠળ નિમણુંક મેળવેલ વિદ્યાસહાયકોને માસિક ઉચ્ચક ફિક્સ પગાર વખતો વખત સુધાર્યા મુજબ આપવામાં આવે છે. યોજના અન્વયે ફિક્સ પગારનો નિયત સમયગાળો પૂર્ણ કરે ત્યારે નિમણુંક અંગેની તમામ શરતો સંતોષતી હોય તેવા વિદ્યાસહાયકોને નિયમિત પગારધોરણમાં સમાવવામાં આવે છે. આવી રીતે સમાવવામાં આવતા વિદ્યાસહાયકોની ફિક્સ પગારની નોકરીનો સમયગાળો કોઈપણ સેવાવિષયક હેતુ માટે ધ્યાનમાં લેવામાં આવતો નથી.

વંચાણે લીધેલ ક્રમાંક: (૪) પરના કમિશ્નરશ્રી(આ.વિ)ના પત્રથી, આશ્રમશાળા, ઉત્તર બુનિયાદી આશ્રમશાળા અને ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં ફરજ બજાવતા કર્મચારીઓની ફિક્સ પગારની નોકરી સેવા વિષયક લાભો માટે સળંગ ગણવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ**

પુખ્ત વિચારણાના અંતે, વંચાણમાં લીધેલ ક્રમાંક (૧) થી (૩) સામેના ઠરાવોની જોગવાઇઓ અને શરતો હેઠળ આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની આશ્રમશાળા, ઉત્તર બુનિયાદી આશ્રમશાળા અને ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં નિમણુંક પામેલ વિદ્યાસહાયકોની ફિક્સ પગારના

સમયગાળાની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગારધોરણ અને નિવૃત્તિ સમયે નિવૃત્તિ વિષયક મળવાપાત્ર લાભો માટે નીચેની શરતોને આધિન રહીને સેવા વિષયક લાભો માટે સળંગ ગણવા ધ્યાને લેવાનું ઠરાવવામાં આવે છે.

(૧) આવી ફિક્સ પગારની નોકરીનો સમયગાળો બઢતી, પ્રવરતા, ઉચ્ચત્તર પગારધોરણ અને નિવૃત્તિ સમયે મળવાપાત્ર નિવૃત્તિ વિષયક લાભોની ગણતરી માટે જ ધ્યાને લેવામાં આવશે.

(૨) આ ફિક્સ પગારની સેવા ધ્યાને લેવાને કારણે પગારબાંધણી થતાં નક્કી થતાં પગારનો ઠરાવ પ્રસિદ્ધ થયા તારીખ સુધીના સંપૂર્ણ સમયગાળા સુધીનો કોઇપણ તફાવત (એરીયર્સ) રોકડમાં કે અન્ય કોઇપણ રીતે ચૂકવવાપાત્ર થશે નહીં. અર્થાત ઠરાવ પ્રસિદ્ધ થયા તારીખ સુધીના સમયગાળા માટે આ ગણતરી માત્ર નોશનલ કરવાની રહેશે તેમજ આ સમયગાળાનું કોઇ એરીયર્સ મળવાપાત્ર થશે નહીં.

(૩) આ ફિક્સ પગારની સેવાના સમયગાળા માટે કોઇપણ પ્રકારના ઇજાફા ગણતરીમાં, નોશનલના હેતુ માટે પણ, ધ્યાને લેવાના રહેશે નહીં.

(૪) જે કર્મચારીઓને હાલની તારીખે જુની પેન્શન યોજના લાગુ પડે છે તેઓને જુની પેન્શન યોજના લાગુ પડશે. જે કર્મચારીઓ નવી પેન્શન યોજનામાં જોડાયેલ છે તેઓને નવી પેન્શન યોજના જ લાગુ પડશે. અર્થાત ફિક્સ પગારની નોકરીનો સમયગાળો ધ્યાને લેવાના કારણે તેઓને હાલમાં લાગુ પડેલ પેન્શન યોજનામાં કોઇ ફેરફાર કરવામાં આવશે નહીં.

(૫) આ ઠરાવ અન્વયે ચૂકવવા પાત્ર લાભ ઠરાવ પ્રસિદ્ધ થયા તારીખથી મળવાપાત્ર થશે.

આ ઠરાવ આદિજાતિ વિકાસ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૧૫/૦૩/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(પી.એમ.પટેલ)**
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**પ્રતિ,**

- માન.રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રી મુખ્ય અગ્ર સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- ગુજરાત રાજ્ય આશ્રમશાળા કર્મચારી સંઘ, મુ.પો. વાંકલા, તા. ડોલવણ, જિ. તાપી